પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26/07/2026 **Morning : 7.10 to 7.20**
Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમની 136મી કડીમાં પોતાના વિચારો રજૂ કરશે.**
2. **ઉત્તર ગુજરાતમાં રેડ એલર્ટના પગલે NDRF અને SDRFની ટીમો તૈનાત.**
3. **આજે કારગિલ વિજય દિવસ – શહીદ વીરોને શ્રદ્ધાંજલિ.**
4. **અરવલ્લીમાં ટ્રેક્ટર ભાડે લઇને બારોબાર વેચી મારવાના કૌભાંડમાં છની ધરપકડ.**
5. **વડોદરા એરપોર્ટ પરથી એક મહિનામાં એરકાર્ગો સેવાનો આરંભ થશે.**
6. **ઝિમ્બાબ્વેને 90 રને હરાવીને બીજી ટી-20ની સાથે ભારતનો શ્રેણી વિજય.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે “મન કી બાત” કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 136મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

CM SEOC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગત મોડી સાંજે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની મુલાકાત લઈને રાજ્યની વર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો. આગામી **24** કલાકમાં ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લાઓમાં સાર્વત્રિક વ્યાપક વધુ વરસાદની સંભાવનાઓ હોવાને કારણે આ જિલ્લાઓમાં **NDRF** અને **SDRF**ની ટીમો મોકલવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદનું જોર ઘટતા કેશ ડોલ્સની ચુકવણી અને ઘરવખરી સહાય પણ ત્વરાએ ચૂકવવાનું શરૂ કરાશે. પ્રાથમિક અંદાજ મુજબ વરસાદને કારણે **308** પશુ મૃત્યુ થયાના અહેવાલો **SEOC**ને મળ્યા છે.

મુખ્યમંત્રીએ વરસાદના પાણી ઉતરે કે તુરત જ સાફ-સફાઈ, આરોગ્ય વિષયક પગલાં અને નુકસાની સર્વે હાથ ધરવાની સૂચનાઓ પણ આપી હતી. રાજ્યના જળાશયોમાં **53.14** ટકા જેટલો સંગ્રહિત જથ્થો છે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં **42** હજાર **158** લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું છે.

RAIN – RASCUE- SHAHAY

રાજ્યભરમાં ભારે વરસાદ પડતા મોટા ભાગના જિલ્લાઓમાં પાણી ભરાતા જનજીવન અસરગ્રસ્ત થયું છે. હાલમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી જડપી થઈ રહી છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર મહાનગરપાલિકા તંત્ર દ્વારા વોર્ડ પ્રમાણે ટુકડીઓ બનાવી વરસાદી પાણી નિકાલ અને જંતુનાશક દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત સ્થાળંતર કરવામાં આવેલ નાગરિકોની સેલ્ટર હાઉસ ખાતે રહેવા જમવાની વ્યવસ્થા કરાઇ હતી.

વલસાડ જિલ્લાના તીથલ અને કોસંબા ગામોમાં અતિવૃષ્ટિથી **79** અસરગ્રસ્ત પરિવારોને સંસદ ધવલ પટેલના દ્વારા **5** લાખ **37** હજાર **200** રૂપિયાની સહાયની રકમના ચેક અપાયા હતાં.

અમદાવાદ-વિરમગામ હાઈવે પર વરસાદી પાણી ઓછું થતાં હાઇવે વાહન ચાલકો માટે શરૂ કરી દેવામાં આવ્યો છે. ગ્રામ્ય પોલીસના જણાવ્યા મુજબ ટુ-વ્હીલર સિવાય તમામ પ્રકારના વાહનો માટે વિરમગામ હાઈવે ચાલુ કરી દેવામાં આવ્યો છે.

BYTE -TAPAN SINGH DODIA, DYSP

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિરમગામ અને માંડલ તાલુકામાં અસરગ્રસ્તોને સુરક્ષિત રીતે સ્થળાંતર કરાયું હતું. વિરમગામ શહેરમાં 100 જેટલા નાગરિકોને ટ્રેક્ટર મારફતે કાઢ્યા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભોજન અને પીવાના પાણીની સુવિધા અપાઈ હતી.

ધિગડા ગામ પાસે બગોદરા – ધંધુકા રોડ નજીક પાણી ભરવાનાને કારણે ગૂંદી-અરણેજ માર્ગ પર ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરી છે. અમદાવાદમાં મનપાની યુદ્ધના ધોરણની કામગીરીથી **133** વોટરલોગિંગ સ્થળોએ પાણીનો નિકાલ, શહેરના તમામ રસ્તા ફરી કાર્યરત કરવામાં આવ્યાં.

RAIN

રાજ્યમાં ગઈકાલ સાંજના છથી આજ સવારના છ વાગ્યા સુધી 204 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડામાં 140 મિલિમિટર વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લામાં 98 મીમી, નવસારીમાં 86, ખેડામાં 84 મિલિમિટર વરસાદ થયાના અહેવાલ છે.

CHOTA UDEPUR VAVANI

છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડેલા પ્રમાણસર વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદના પગલે જિલ્લાના અનેક વિસ્તારોમાં ડાંગરની રોપણીનો પ્રારંભ થઈ ગયો છે.

ખાસ કરીને સમતલ અને કયારાવાળી જમીનમાં ખેડૂતો ડાંગરની રોપણીના કામે લાગી ગયા હોવાનું છોટાઉદેપુરના ખેડૂત સુખદેવ રાઠવાએ જણાવ્યું હતું.

BYTE- SUKHDEV RATHWA, FARMER

AMC MONITARING

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નિયમોનું પાલન ન કરતી કુલ 11 બાંધકામ સાઇટ્સ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ચોમાસાની ઋતુ દરમિયાન નાગરિકોની સલામતી માટે અમદાવાદ શહેરની વિવિધ બાંધકામ સાઇટ્સ ચકાસણી અભિયાન હાથ ધરાયુ છે.

જે અંતર્ગત શહેરની કુલ 166 ચાલુ બાંધકામ સાઇટ્સનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તર-પશ્ચિમ ઝોનમાં 45, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં 30, પશ્ચિમ ઝોનમાં 27, મધ્ય ઝોનમાં 2, ઉત્તર ઝોનમાં 18, પૂર્વ ઝોનમાં 35 તથા દક્ષિણ ઝોનમાં 9 સાઇટ્સનો સમાવેશ થાય છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

WEATHER

ઉતર ગુજરાતમાં છૂટા છવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ, જ્યારે મધ્યપૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

પવનની દિશા દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ તરફની રહેશે તેમ હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યુ હતું.

BYTE: A.K.DAS, IMD

KARGIL VIJAY DIWAS

આજે દેશભરમાં કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 1999 ના કારગિલ યુદ્ધમાં રાષ્ટ્રનું રક્ષણ કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ દિવસ ઓપરેશન વિજયની સફળતા અને કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની ઐતિહાસિક જીતની ઉજવણી દર્શાવે છે.

આ ઓપરેશન દરમિયાન, ભારતીય સશસ્ત્ર દળોએ જમ્મુ અને કાશ્મીરના કારગિલ જિલ્લાના તે વિસ્તારો ફરીથી કબજે કર્યા જ્યાં પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓએ ઘૂસણખોરી કરી હતી. મુખ્ય કાર્યક્રમ લદ્દાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક ખાતે યોજાઈ રહ્યો છે.

PORBANDAR LOKDARBA

વનમંત્રી અર્જુન મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને પોરબંદર સ્થિત અટલ ભવન ખાતે એક લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકદરબારમાં પોરબંદર શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં આવેલા નાગરિકોએ પોતાના વ્યક્તિગત પ્રશ્નો તેમજ જાહેર હિતને લગતી રજૂઆતો અને અરજીઓ મંત્રી સમક્ષ રજૂ કરી હતી.

લોકદરબાર દરમિયાન રોડ-રસ્તા, જમીન સંબંધિત બાબતો, ભૂગર્ભ ગટર, સ્વચ્છતા, સિંચાઈના પાણી, જન્મ-મરણના દાખલા તથા વિવિધ સરકારી વિભાગોને લગતા પ્રશ્નો અંગે રજૂઆતો આવી હતી. આ તમામ અરજદારોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળીને પ્રશ્નોનું ત્વરિત, પારદર્શક અને ન્યાયી નિરાકરણ લાવવા સકારાત્મક વલણ દાખવ્યું હતું.

ARVALLI TRACTOR SCAM ARREST

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ મેઘરજ, માલપુર અને દાહોદ જીલ્લામાં ખેડૂતોને વિશ્વાસમાં લઈને તેમના ટ્રેકટર ભાડે લઈ બારોબાર વેચી દેતી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડમાં છ આરોપીઓને ઝડપી લઈને **1.21** કરોડ રૂપિયાના **20** ટ્રેકટર, **10** ટ્રોલી અને એક જેસીબી રિકવર કરી ચાર કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

આ ગેંગના પાંચ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની અલગ અલગ ટીમોએ આરોપીઓ સાથે રાખી શોધખોળ શરૂ કરી હોવાનું અરવલ્લી જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ કહ્યું હતું.

BYTE: MANOHARSINH JADEJA, POLICE CHIEF, ARAVALLI

VADODARA ARI CARGO

વડોદરા એરપોર્ટ પર એર કાર્ગો સેવાને મંજૂરી મળી છે. એર કાર્ગો સેવાને કારણે હવાઇ માર્ગે જરૂરી સામગ્રીનું પરિવહન થઇ શકશે. એરકાર્ગો સેવા આગામી એક માસમાં શરૂ થશે. વડોદરાના સાંસદ અધ્યક્ષ અને એરપોર્ટ સલાહકાર સમિતિના વડા ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું હતું.

BYTE- DR. HEMANG JOSHI, MP

CRICKET

ક્રિકેટમાં, ગઇકાલે ભારતે હરારેમાં ત્રણ મેચની શ્રેણીના બીજા **T20** આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ઝિમ્બાબ્વેને **90** રનથી હરાવ્યું. આ જીત સાથે ભારતે શ્રેણીમાં **2-0**થી અજેય લીડ મેળવી. પ્રથમ બેટિંગ કરતાં ભારતે નિર્ધારિત **20** ઓવરમાં પાંચ વિકેટે **219** રન બનાવ્યા. જેમાં ઇશાન કિશને માત્ર **44** બોલમાં **81,** તિલક વર્માએ **29** બોલમાં **60** રન બનાવ્યા.

ભારત દ્વારા નિર્ધારિત **220** રનના લક્ષ્યનો પીછો કરતા, ઝિમ્બાબ્વે **18**મી ઓવરમાં ફક્ત **129** રનમાં જ ઓલઆઉટ થયું. જેમાં અભિષેક શર્માએ ત્રણ, યશ ઠાકુર અને પ્રિન્સ યાદવે બે-બે વિકેટ ઝડપી હતી. દરમિયાન ત્રણ મેચની શ્રેણીની અંતિમ મેચ આજે હરારે ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા ચાર વાગ્યે શરૂ થશે.